Plot----Bunglow-----Flat
THE PROPZONEGANDHINAGAR
Buy-----sell-----Rent
A property consultant in Gandhinagar
Office : A/224, Swagatrainforest~2
Kuda san.Gandhinagar
Mobile : 9033810109

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-21 ■ અંક-48 ■ તા. 26-11-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## પાટનગર તર્ક વિતર્ક

હાર્દિક ની મતદારો ઉપર વધી પડતી અસર થઈ ગભરાયી ને આઈબી ના રિપોર્ટ પ્રમાણે હાર્દિક ને વાય કેટેગરી ની સુરક્ષા થી સજ્જ કરીને હાર્દિક ને સરકારી કાયદા ના ઓઠા હેઠળ ભાજપ માં વોટબેંક નું ગાબડું ના પડે તે માટે સીમિત તો નથી કર્યો ને?કેમ્ કે આઈબી ના રિપોર્ટ પ્રમાણે ખોટા વિકાસ ના બણગાઓ ફુક્યા પછી પ્રજા માં ભાજપ ના નેતાઓ એ સીધા લોખંડી સુરક્ષા વિના પાટીદાર વિસ્તાર માં જતી ને પ્રચાર કરવું ખૂબ મુશકશે છે..નીતિન પટેલ ના હાર્દિક વિરુદ્ધ બેફામ નિવેદનો ના લીધે સુરક્ષા નો પ્રશ્ન ઉભો થતા રાતોરાત વાય કેટેગરી ની સુરક્ષા હાર્દિક ને આપવાનો નિર્ણય લેવાયો....નીતિન પટેલ,રૂપાણી,વાઘાણી અને પ્રવક્તાઓ ના અહમ ભર્યા કોંગ્રેસ નેતાઓ વિરુદ્ધ ના બિનઅસરકારક બાલિશ આરોપો અને ભાષણો બુદ્ધિજીવી મતદારો ઉપર ખુબજ ગંભીર અસરકર્તા બન્યા ના અહેવાલો ભાજપ સમક્ષ આવતા રાતોરાત સુધારા અસ્તિત્વ માં આવ્યા..મોદી ની જાપાન વડાપ્રધાન ગુજરાત ની મુલાકાત માં વગર ટેન્ડરે ૪ કરોડ ૨૧ લાખ તબી વધારે બિલ માળતીયાઓ કટકી કરી કરવાનો મુદ્દો સરકાર માં ખળભળાટ મચાવ્યો..માળતીયાઓ ને સરકારી ખર્ચ ની લહાણી અધિકારીઓ ને દબાનવશ કરી કરવાનો શાસક સરકાર પર ગંભીર આક્ષેપ વોટબેંક ઉપર સીધી અસર કરશે.

### ઘોઘા ફેરીમાં બેસીને દહેજ પાણી ભરવા જઈએ?

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઑક્ટોબર મહિનામાં ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસનું લોકાર્પણ કર્યું હતું. તેમણે આ ફેરી સર્વિસને દેશના વિકાસની પ્રતીક ગણાવી હતી.

જોકે, ભાવનગર જિલ્લાના દરિયાકાંઠે આવેલા ઘોઘા ગામમાં લોકોને મહિનામાં એક વખત જ પીવાનું પાણી મળે છે. જ્યારે કોઈ પ્રવાસી રો-રો ફેરી સર્વિસમાં પ્રવાસ કરવા માટે ઘોઘા ખાતે આવેલા ટર્મિનલ તરફ જાય છે, ત્યારે તેમને આ રોડ પર એક દ્રશ્ય અચૂક જોવા મળે છે. મોટી સંખ્યામાં ઘોઘાની મહિલાઓ તેમનાં માથે બેડાં મૂકી ગામમાંથી તળાવ તરફ પાણી ભરવા જાય છે. કાંતાબહેને તેમની વ્યથા વર્ણવતા બીબીસી ન્યૂઝ ગુજરાતીને કહ્યું, 'અમે તો માથે પાણીનાં બેડાં ઊંચકીને કંટાળી ગયાં છીએ પણ શું કરીએ?' પાણી વિના કઈ રીતે જીવવું? મહિને એક વખત પાણી આવે છે. એ પણ આવે તો આવે. અમે ગરીબ છીએ. પીવાનું પાણી વેચાતું લેવું પડે છે. ઘર વપરાશ માટે પાણી વેચાતું લેવું પોષાતું નથી એટલે તળાવે ભરવા જવું પડે છે.''ઘોઘા ફેરી અંગે પૂછતા કાંતાબહેન સામો સવાલ કરતા કહે છે, ઘોઘા ફેરીમાં બેસીને અમે પાણી ભરવા દહેજ જઈએ? અમારે તો પાણીનો પ્રશ્ન ઉકેલાય તો વિકાસ જ છે. અહીં શું પરિસ્થિતિ છે તે જાણવા બીબીસી ન્યૂઝ ગુજરાતીએ ઘોઘા ગામમાં જઈ સ્થાનિક લોકો સાથે પણ વાત કરી. સ્થાનિક ઉસ્માનભાઈ કહે છે, 'ઘોઘા ગામમાં અંદાજે ૨૦,૦૦૦ની વસતિ છે. જેમાં મુસ્લિમો અને કોળી લોકોની વસતિ વધુ છે. ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસ શરૂ થઈ એનાથી અમે રાજી છીએ. જે ગામથી શરૂ થઈ છે, એ ગામમાં પાણી જેવી પ્રાથમિક સુવિધા પણ નથી. જ્યારે વડાપ્રધાન મોદી આ ફેરી સર્વિસનું ઉદ્ઘાટન કરવા માટે આવ્યા, ત્યારે જે લાઇટિંગ કરવા પાછળ જે ખર્ચ કરવામાં આવ્યો હતો. એટલા પૈસામાં તો કદાચ અમારા આખા ઘોઘાનો પાણીનો પ્રશ્ન કાયમ માટે ઉકેલાઈ ગયો હોત. તાહિદાબહેન શેખ પાણીની અછત અંગે બોલતા કહે છે કે ૨૫૦ રૂપિયામાં ૧૫૦૦ લિટર પીવાનું પાણી મળે છે. પીવા સિવાય ઘર વપરાશ માટે ગરીબ માણસો તળાવે પાણી ભરવા જાય છે અને જેને પોષાય છે એ લોકો વેચાતું લે છે. પીવાનાં પાણીનો પ્રશ્ન કેટલો વિકટ હશે એનો દાખલો બીબીસી પ્રતિનિધિને ગ્રામ પંચાયતમાં જોવા મળ્યો. ઘોઘા ગ્રામ પંચાયતનાં પ્રવેશદ્વાર પર જ એક નોટિસ ચીપકાવેલી છે. જેમાં લખ્યું છે, 'જે લોકો પીવાનાં પાણીની ફરિયાદ લઈને આવે, તેમણે પાણીનો વેરો ચૂકવ્યાની પહોંચ સાથે લઈને આવવી. બીબીસીએ પંચાયતમાં હાજર કર્મચારીઓને પૂછ્યું કે, 'આવી નોટિસ લગાવવાનું કારણ શું?' તેમણે જણાવ્યું કે, 'લોકો પાણી વેરો ભરતા નથી માટે નોટિસ લગાવવી પડી છે. પંચાયતના એક કર્મચારીએ કહ્યું, ઘોઘા ગામમાં વરસો જૂની પાણીની લાઇન છે. આ લાઇન હવે નાની પડે છે. પાણીની પાઇપલાઇનનું નેટવર્ક બદલવું પડે એમ છે. આ કારણે પાણીનું વિતરણ નિયમિત થઈ શકતું નથી. એટલે ઘણા વિસ્તારોમાં મહિને એક વખત પાણી મળે છે. જોકે, સ્થાનિક મુસ્લિમ અગ્રણી મોયુદ્દીન શેખ જુદું જ કહે છે. તેઓ કહે છે કે પાણીની તંગીના કારણે તેઓ મસ્જિદ પાસેના એક કૂવામાંથી લોકોને પાણી આપે છે. નિભાવ ખર્ચ પેટે લોકો દર વર્ષે પચીસ રૂપિયા ફાળો પણ આપે છે. જો લોકો પાણી માટે અમને પૈસા આપવા તૈયાર હોય તો પંચાયતને કેમ ન આપે? લોકોને પાણી મળતું નથી તો પૈસા ક્યાંથી આપે? મોટી પીર દરગાહના ટ્રસ્ટી મેહમૂદ મિંયા બાપુ કહે છે, જે ઘોઘા બંદર પર ૮૪ દેશના વાવટા ફરકતા હતા, એ ઘોઘા પીવાના પાણીની સાથે સાથે તેના સમગ્ર અસ્તિત્વ માટે ઝઝૂમી રહ્યું છે. ઘોઘાના દરિયાકાંઠે આવેલી સુરક્ષા દિવાલ તૂટી ગઈ છે અને દરિયામાં મોટી ભરતી આવે, ત્યારે દરિયાનાં પાણી ગામમાં ઘૂસી જાય છે. જો સુરક્ષા દિવાલ બનાવવામાં નહીં આવે અને કોઈ મોટું વાવાઝોડું આવશે તો આખું ઘોઘા નષ્ટ થઈ જશે. વિકાસની વાત કરતા જ તાહિદાબહેન કહે છે, અમારી કમનસીબી છે કે ચૂંટણીમાં મુદ્દો વિકાસનો છે, પણ જે ગામમાં મહિને એક જ વખત પાણી આવે છે તેની ચર્ચા ક્યાંય નથી.

•••

મોદીભાઈ અને અમીતભાઈની ટોળકીએ પોતાની પોઠિયાશાહી થી શાશન ચલાવા ભાજપના નેતાઓની કેરિયર પુરી કરી દીધી હોય તેવા ભાજપના નેતાઓના નામ અહીં આપેલ છે.જે એક સમયના ભાજપના દિગ્ગજ પાયાના નેતાઓ હતા/છે.

નાથાકાકા, સુરેન્દ્રકાકા, જયન્તી બારોટ, સુરેશ મહેતા, ડો. એ. કે. પટેલ, કેશુભાઈ, કાશીરામ રાણા, રેન પંડયા, સંજય જોશી, ડો. માયાબેન કોડનાની, દત્તા ચિરંદાસ, વજુભાઈ વાળા, નલીન ભટ્ટ, શંકરસિંહ વાઘેલા, ગોરધન ઝડફિયા, આનંદીબેન, સુર્યકાંત આચાર્ય, ફકીર ચૌહાણ, જયનારાયણ વ્યાસ, સૌરભ દલાલ, નરોત્તમ પટેલ, જશપાલસિંહ, વિપુલ ચૌધરી, અણદાભાઈ પટેલ (ચૌધરી) કાંકરેજ, પ્રફુલ્લ બારોટ, ડો. પ્રવીણ તોગડિયા, વિમલ શાહ, રાજેન્દ્રસિંહ રાણા, અરવિંદ ગોદીવાલા, વિજય પટેવ એડવોકેટ, ખોડાભાઈ પટેલ કિસાન સંઘ, સાબરકાંઠા, નરસી પઢીયાર જૂનાગઢ, મહાવીરસિંહ ગોહીલ ex MP Bhavnagar, અનંત દવે, કચ્છ, શિવલાલ વેકરીયા, કિશાન સંઘ, કનોડીયા બંધુ, હરીન પાઠક, મહેન્દ્ર ત્રિવેદી ભાવનગર, ભાવનાબેન દવે, વસુબેન ત્રિવેદી જામનગર, સુનિલ ઓઝા ભાવનગર, હરેશ ભટ્ટ, ગોધરા, કૌશિક મહેતા, વીએચપી, લાલકૃષ્ણ અડવાણી, ગાંધીનગર, દિલીપ સંઘાણી અમરેલી, કૌશિક પટેલ, શાહપુર, બિપીનભાઈ સંઘવી, મહુવા, મફતભાઈ પટેલ, અમદાવાદ, ખોડાજી ઠાકોર, અમદાવાદ, પ્રહલાદ ગોસા (વિસનગર), નારણ લલ્લુ પટેલ, ઊંઝા, નરોત્તમ પટેલ, સુરત, કાંતિ કચોરિઆ, ડો.કે. ડી. જેસવાણી, નડીયાદ, હરજીવન પટેલ, ધીરુભાઈ ગજેરા, સુરત, કનુભાઈ માવાણી સુરત, ભુપેન્દ્ર ખત્રી, ગોપાલદાસ ભોજવાણી, અમદાવાદ, કનુભાઈ કોઠીયા, અમદાવાદ, ધનસુખ પટેલ -ઓલપાડ, કરસન પટેલ-ચીખલી, વલસાડ, કનુભાઈ કોઠીયા, અમદાવાદ, ધનસુખ પટેલ -ઓલપાડ, માનસિંહ પટેલ-બારડોલી, ગનીભાઈ કુરેશી સુરત, સુમન દેસાઈ મામા, સુરત, બાલુભાઈ તંતી અમરેલી, ચીમન શુક્લ, રાજકોટ, પ્રબોધકાંત પંડયા, વલ્લભ કથીરીયા, રાજકોટ, બેચરદાસ ભાદાણી, અમરેલી, દક્ષેશ મહેતા, અમદાવાદ, પ્રફુલ રાવલ, અમદાવાદ, નિતીનભાઈ પટેલની બુરીદશા કરી મૂકી...

ભાજપ મીડિયા દ્વારા opposition તૂટવાની અફવા હંમેશા ફેલાવે છે એમાં ઉપરની યાદીમાં તમારી જાણમાં હોય એ નામ ઉમેરી આગળ જવા દો ....! ભાજપ ની ઈમારત ના પાયા ના પથ્થર એવા કાર્યકરતા હજારોની સંખ્યામા આ વખતે ભાજપ વિરૂથ ભાજપના કાર્યકરતા નો જંગ છે....!

**pradip raval.janfariyad.com**

## સંસદ સત્ર ન બોલાવવા મામલે રાહુલ મોદી પર ચાબખા

# મોદી સૌથી મોટા જાદુગર , વિવિધ જાદુ કરે છે : રાહુલના તીવ્ર આક્ષેપ

### રાફેલ ડીલમાં કરોડોનું કાંડ આચરી નરેન્દ્ર મોદીએ તેમના ઉદ્યોગપતિ મિત્રને કોન્ટ્રાકટ આપી દીધો : નોટબંધી ભારતીય લોકશાહીની સૌથી મોટી ભુલ છે

અમદાવાદ,

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતની મુલાકાતના આજે બીજા દિવસે ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર અને દાહોદ સહિતના સ્થળોએ જાહેરસભા અને લોકસંવાદના કાર્યક્રમો યોજી ફરી એકવાર કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમ્યાન રાહુલ ગાંધીએ ફરીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જાદુગરો મારફતે ચૂંટણી પ્રચારના ભાજપના નવતર પ્રયોગને લઇ કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સૌથી મોટા જાદુગર છે, જેની સામે એકપણ જાદુગરનું કંઇ ના આવે. મોદી અવનવા અને અલગ-અલગ જાદુ કરે છે. મોદીએ જાદુગરી કરી ગયા વર્ષે તા.૮મી નવેમ્બરે નોટબંધી કરી રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટો ગાયબ કરી દીધી. મોદી સરકારના મનસ્વી નિર્ણયના કારણે આ વખતે સૌપ્રથમવાર ગુજરાતની ચૂંટણીને લઇ લોકસભા અને રાજયસભાના સત્ર માટે સંસદના દરવાજા નથી ખુલવાના. ભારતીય વાયુસેનામાં પણ રાફેલ ડીલમાં કરોડોનું કૌભાંડ આચરી મોદીએ તેમના ઉદ્યોગપતિ મિત્રને કોન્ટ્રાકટ આપી દીધો છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર પર પ્રહાર કરતાં વધુમાં જણાવ્યું હતું કે, નોટબંધીએ ભારતીય લોકશાહીમાં સૌથી મોટી ભૂલ હતી અને સ્વયં મોદીજીએ હિન્દુસ્તાનના ખેડૂતો, મજૂરો, આદિવાસીઓ, નાના દુકાનદારો, વેપારીઓ, મહિલાઓ, બહેનો બધાને લાઇનમાં લગાવી દીધા અને બેંકોના પાછલા દરવાજેથી હિન્દુસ્તાનના તમામ ચોરોએ પોતાનું કાળુ નાણું સફેદ કરાવી દીધું. નોટબંધીના પ્રહાર બાદ મોદી સરકારે જીએસટીનો વજ્રાઘાત લોકોને માર્યો, ખાસ કરીને નાના દુકાનદારો, વેપારીઓ અને મધ્યમ કદના ઉદ્યોગકારો ખતમ થઇ ગયા. રાહુલે આ વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહની કંપનીના કરોડોના નફાને લઇ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સીધા સવાલો કરતાં જણાવ્યું હતું કે, મોદીજી દેશના યુવાઓ અને જનતાને એ સમજાવે કે, અમિત શાહના પુત્ર જય શાહની કંપની રૂ.૫૦ હજાર કરોડમાંથી રૂ.૮૦ કરોડનો નફો કરતી કેવી રીતે થઇ ગઇ? ગુજરાતમાં લાકો બીઝનેસમેન છે તેઓ પણ સમજવા માંગે છે કે, ત્રણ મહિનામાં રૂ.૫૦ હજારમાંથી રૂ.૮૦ કરોડનો નફો કેવી રીતે થાય ? બધા સમજે છે કે, આટલો બધો નફો બેઈમાની અને ચોરી કર્યા સિવાય શકય નથી અને મોદીજી કહેતા હતા કે, ના ખાઉંગા, ના ખાને દૂંગા. પરંતુ હવે તેમનું વાકય બદલાઇ ગયું છે કે, ના બોલુંગા, ના બોલને દૂંગા. જય શાહ મુદ્દે કંઇક તો બોલો મોદીજી. રાહુલે બેરોજગારી મુદ્દે મોદી સરકાર પર ચાબખા વરસાવ્યા હતા કે, બેરોજગારી પણ આજે એક પડકારસમાન ચિંતાનો વિષય બન્યો છે. આજે આપણી સ્પર્ધા ચીન સાથે છે. ચીન રોજના ૫૦ હજાર લોકોને રોજગારી આપે છે, જયારે મોદીજી માત્ર દેશમાં ૪૫૦ યુવાઓને રોજગારી આપે છે. દર વર્ષે બે કરોડ યુવાઓને રોજગારી આપવાનો તેમણે વાયદો કર્યો હતો પરંતુ તે પળાયો નથી અને આજે ગુજરાતમાં ૫૦ લાખ બેરોજગાર યુવાનો રોજગારી માટે તરસી રહ્યા છે. ગુજરાતમાં માત્ર પાંચ-દસ ઉદ્યોગપતિઓનું જ ચાલે છે. ગુજરાતમાં ખેડૂતો, આદિવાસીઓની જમીન, પાણી, વીજળી છીનવીને તેમના હક્કના પાણી, વીજળી અને જમીન મોદીના માનીતા ઉદ્યોગપતિઓને આપી દેવાય છે. નર્મદાનું પાણી ગુજરાતના મોટા ઉદ્યોગપતિઓને અપાય છે પરંતુ ખેડૂતો અને આદિવાસીઓને મળતું નથી. મોદી સરકાર અને ભાજપ વાયદાઓ કરે છે પરંતુ પાળતા નથી. ગુજરાતમાં ૯૦ ટકા કોલેજોનું ખાનગીકરણ થઇ ગયું છે. આજે ગરીબ આદિવાસીઓ કે ખેડૂતોના સંતાનોને ભણાવવા હોય કે કોલેજમાં મોકલવા હોય તો ખિસ્સામા પહેલાં પાંચ-દસ લાખ રૂપિયા હોવા જોઇએ પરંતુ તે તેમની પાસે નથી. આરોગ્યના ક્ષેત્રે પણ આ જ હાલત છે. લોકોને કેન્સર, હૃદયરોગ સહિતની ગંભીર બિમારીઓમાં પણ લાખો રૂપિયાના ખર્ચ વિના સારવાર મળતી નથી. જયારે કોંગ્રેસે તેના શાસિત રાજયોમાં આ સારવારો મફત ઉપલબ્ધ કરાવી હતી.

## હરિયાણાના ગુરુગ્રામમાં પણ હિંસક પ્રદર્શન

# પદ્માવતી : હવે ભીલવાડામાં કરાયેલો જોરદાર લાઠીચાર્જ

### કરણી સેના દ્વારા જોરદાર વિરોધ પ્રદર્શન કરાતા આખરે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી : વિવાદ અંકબધ

ગુરુગ્રામ,

સાજંય લીલા ભણશાળીની ચર્ચાસ્પદ ફિલ્મ પદ્માવતી નો લઈનો જોરદાર વિરોધ પ્રદર્શના જારી છે. રાજસ્થાનાના ભિલવાડામાં કરણી સોનાના સભ્યો ઉપર પોલીસો આજે જોરદાર લાઠીચાર્જ કર્યો હતો. જેના કારણે સ્થિતિ તંગ બની ગઈ હતી. પોલીસો લાઠીચાર્જ કરતા પદ્માવતીનો લઈનો વિવાદ આગામી દિવસોમાં વધુ વધી જાય તોવી શક્યતા છે. ફિલ્મની રજુઆત સામેના વિરોધમાં હરિયાણાના ગુરુગ્રામ અનો રાજસ્થાનાના ભીલવાડામાં જોરદાર દેખાવો કર્યા હતા. રાજપૂત કરણી સોનાના લોકોએ જોરદાર દેખાવો કર્યા હતા. હરિયાણાનો ગુરુગ્રામમાં ફિલ્મની રજુઆત સામેના વિરોધમાં ડેપ્યુટી કમિશનારની ઓફિસાની બાહાર કરણી સોનાના સભ્યોએ દેખાવો કર્યા હતા. પદ્માવતીનો લઈના મેમોરેન્ડમનો સુપ્રત કરવામાં આવ્યો હતો. પદ્માવતી ફિલ્મ નો લઈનો દેશના અનોક ભાગોમાં હાલમાં જોરદાર દેખાવો થઈ રહ્યા છે. ગુરુગ્રામમમાં કરણી સોનાના નોતા મહિપાલ સિંહએ કહ્યું હતું કે, ફિલ્મ ઉપાર શરતી પ્રતિબાંધનો લઈનો અમે ઈચ્છુક નાથી. ફિલ્મ પાર ૧૦૦ ટકા પ્રતિબાંધ મુકવાની અમારી માંગ છે. બીજી બાજુ રાજસ્થાનાના ભીલવાડમાં આજે બાંધની હાકલ કરવામાં આવી હતી. બાંધના કારણે તામામ વિસ્તારો બાંધ રહ્યા હતા. દેખાવો દરમ્યાન ભીલવાડા થિયેટરની બાહાર હિંસાક વિરોધ પ્રદર્શના કરવામાં આવ્યા હતા. ફિલ્મનો લઈનો વિરોધ જારી રહેતા થિયેટરની બાહાર અથડામણ થઈ હતી. પોલીસાનો પણ લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. દેખાવો વધુ તીવ્ર બનતા પોલીસો અનોક લોકોની ધરપકડ કરી હતી. એક સપ્તાહ અગાઉ કરણી સોનાએ ફિલ્મની રજુઆત રોકવાની વાત કરી હતી. પદ્માવતી ફિલ્મ નો લઈનો દેશના જુદા-જુદા ભાગોમાં વિરોધ પ્રદર્શન જારી છે. હાલમાં ફિલ્મની રજુઆત રોકી દેવામાં આવી છે. હવે આ ફિલ્મ મોડીથી રિલિઝ કરાશે.

## અમદાવાદમાં ૬૬૩ મતદારની વય ૧૦૦થી ઉપર

# ૭૫૦૦થી વધુ મતદારની વય૧૦૦થી પણ ઉપર છે

### ગુજરાતમાં મોટા ભાગના જિલ્લામાં કેટલાક મતદારોની વય ૧૦૦થી પણ ઉપર : ડાંગમાં ત્રણ મતદારો સદીવીર

અમદાવાદ,

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે મતદારોને લઈને પણ કેટલીક રોમાંચક અને ચર્ચાસ્પદ બાબત સપાટી પર આવી ચુકી છે. પ્રાપ્ત હેવાલ મુજબ ગુજરાતમાં ૧૦૦ વર્ષથી ઉપરની વયના મતદારોની સંખ્યા ૭૫૦૦થી વધુ નોંધાઇ ગઇ છે. આ મતદારો પણ તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે તૈયાર છે. ૧૦૦ વર્ષ અથવા તો તેનાથી ઉપરના આ મતદારોના મામલે અમદાવાદ સૌથી આગળ છે. અમદાવાદમાં ૧૦૦થી ઉપરના મતદારોની સંખ્યા ૬૬૩ જેટલી નોંધાઇ છે. સુરતમાં પણ મતદારોની સંખ્યા ૬૩૧ નોંધાઇ ચુકી છે. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ગુજરાતમાં વિધાનસાની ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા બાદથી જોરદાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુરતમાં ૧૦૦ વર્ષથી ઉપરના મતદારોની સંખ્યા ૬૩૧ નોંધાઇ છે. આવી જ રીતે ભાવનગરમાં આ સંખ્યા ૪૩૪ નોંધાઇ ચુકી છે. અમેરેલીમાં આ સંખ્યા ૪૧૪ની નોંધાઇ છે. ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જયારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે એટલે કે ૧૮મી ડિસેમ્બરે થશે. ગુજરાત ચૂંટણીમાં આ વખતે ૫૦૧૨૮ પોલિંગબુથ અથવા તો મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. ગોવા બાદ હિમાચલ અને ગુજરાત એવા રાજય બની ગયા છે જ્યાં ચૂંટણીમાં ૧૦૦ ટકા વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવનાર છે. પ્રદેશમાં ૧૦૦ ટકા સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી યોજવામાં આવશે. વીવીપેટ ઉપરાંત હાઈપ્રોફાઈલ ગુજરાત ચૂંટણી માટે અન્ય કેટલાક પગલા પણ લેવામાં આવી રહ્યા છે. પોલિંગ બૂથ ઉપર વિડિયોગ્રાફી અને સીસીટીવી પણ ગોઠવામાં આવનાર છે. અરજી દાખલ કરવા, ચકાસણી અને ચૂંટણી પ્રચાર સહિત ચૂંટણી સાથે સંબંધિત તમામ ગતિવિધિમાં વિડિયો રેકોર્ડિંગ કરવામાં આવી રહ્યુ છે. સુરક્ષિત માહોલમાં ચૂંટણી કરવા માટે પુરતી તૈયારી કરવામાં આવી છે. વોટિંગ કમ્પાર્ટમેન્ટની હાઈટ ૨૪થી વધારીને ૩૦ ઈંચ કરવામાં આવી છે. મતદાનની ગુપ્તતાને જાળવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૫૦૧૨૮ મતદાન મથકો પૈકી ૧૦૨ પર માત્ર મહિલાઓ રહેશે. ૧૮૨ વિધાનસભાની અવધિ ગુજરાતમાં ૨૩મી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થનાર છે. મોટી વયના મતદારો અને દિવ્યાગ મતદારોને કોઈ તકલીફ ન પડે તે માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે. દરેક મતદાન મથક પર અન્ય સુવિધા પણ મતદારો માટે રાખવામાં આવી રહી છે. ૧૦૦થી ઉપરના મતદારો હમેંશા મતદાન કરવા માટે પરિવારના સભ્યોની મદદથી પહોંચે છે. દરેક રાજ્યમાં આવા મોટી વયના મતદારો મતદાન કરતા નજરે પડે છે. ગુજરાતમાં પણ સદીવીર મતદારોની સંખ્યા ૭૫૦૦થી વધારે છે. જે ચર્ચા જગાવે છે. અનુભવી મતદારો તરીકે પણ તેમને ગણી શકાય છે.



શ્રી રાહુલ ગાંધી આજે કોંગ્રેસ ના સાંસદ મધુસુદન મિસ્ત્રી ના પુત્ર ના એકાએક અવસાનથી સાંત્વના આપવા ગાંધીનગર ખાતે સેકટર ૮ માં તેમના નિવાસ સ્થાને પહોંચ્યા....

# ‘અંતિમ યાત્રા’નો અંત પણ નજીક છે? : ઘેર ઘેર આ હાલત છે..!

આજકાલ સ્મશાનમાં માંડ પચીસ-ત્રીસ લોકો આવે છે, અને એમાં અડધો અડધ લોકો નનામી ઉપાડી શકે એમ નથી હોતા એટલે જે દસ બાર લોકો હોય છે એ નનામી ઉપાડે છે.. શબવાહિનીને છેક બંગલાના કે ફલેટના ઝાંપા સુધી લાવવી પડે છે . બહુ જ તકલીફ છે આ બધી, લૌકિક વ્યહવાર બંધ થયા અને હવે તો સ્મશાન જવામાં પણ જનતાને આળસ ચડે છે..

સાથે રાત જાગવાવાળા અડોશ પડોશમાંથી ચા-પાણી અને નાસ્તો જમવાની વ્યવસ્થા કશુ જ નથી દેખાતુ..સવારે આઠ વાગ્યે કાઢી જવાના હોય તો પોણા આઠ વાગ્યે થોડાઘણા લોકો ભેગા થાય છે,અને જેવા શબવાહિનીમાં મૃતદેહને મૂકે અને સ્વજન હાથ જોડે એટલે અડધી પબ્લિક ગાયબ, અને સ્મશાનમાં ઈલેક્ટ્રિક ભઠ્ઠીમાં મૂક્યા પછી બીજી અડધી અને છેલ્લે અસ્થિ લેતી વખતે તો માંડ પાંચ સાત જણા ઉભા હોય છે..! સ્મશાનેથી ઘેર આવી અને કોગળા કરી મોઢું ધોઈ ને પછી ઘરમાં જુવો તો પાંચ સાત જણા માંડ બચ્યા હોય..

કોણ જમાડે એમને? કોણ આખી રાતના ઉજાગરાવાળાને અને સ્વજનને ગુમાવ્યાના આઘાતમાંથી બહાર લાવે ? બધું જ સરખું રૂટીન માં આવે પછી જ સ્વજનો ઘર છોડતા! આ બધું જ ઓછું થતું જાય છે.. આ નવી ગોઠવાઈ રહેલી સમાજ વ્યવસ્થામાં હવે નામશેષ: થતી જાય છે, ‘કોઈના સ્વજનના મૃત્યુની ક્ષણો સાચવવી’ એવી ભાવના..! ગામમાં કોઈ ગુજરી જાય તો આખું બજાર બંધ થતું અને આભડવા જતા..ઘરથી ગામ બહાર આવેલા સ્મશાન સુધી નનામી જતી,બધું એક સામાજિક જવાબદારી અને ભાવનાથી થઈ જતુ.. આજે વીસ વીસ વર્ષના સબંધો હોય, ભલે ને ધંધાકીય સબંધ હોય તો પણ જનતાને આભડવા જવું તો દૂર રહ્યું બેસણામાં જતા જોર આવે છે. હા, બહુ મોટો માણસ હોય અને એની આંખની ઓળખાણ હોય તો ફટાફટ દોડી જાય કેમકે ત્યાં હાજરી ગણાવાની છે અને સ્ટેટસ વધવાનું છે..! આજે મૃત્યુ અને એના પછીની વિધિ, એમાં કોણ આવશે, કેટલા હાજર રહેશે એનો બહુ મોટો આધાર મૃતકના સંતાનની સફળતા ઉપર રહેલો છે.. બહુ ઓછી જગ્યાએ મૃતકના મોઢાએ જનતા આવે છે.

મૃત્યુ એ ઘણા લોકો માટે શક્તિ પ્રદર્શન છે,પણ ઘણા બધા માટે, ખાસ કરીને મધ્યમ વર્ગના માણસો માટે ખરેખર હૂંફ લાગણી સાથે જોડાયેલો મામલો છે..!

અને, માણસને માણસની હૂંફની જરૂર હોય છે, મને ઘણા અનુભવ છે,વર્ષો ના વર્ષો મળ્યા ના હોઈએ અને ક્યારેક આવા પ્રસંગે ગયા હોઈએ ત્યારે ખભે માથું મુકીને મૃતકની દીકરી કે દીકરો રડી પડે છે..ક્યારેક ખાલી હાથ પકડીને ઉભા રહે ફક્ત બે પાંચ મિનીટની આંખોથી થતી વાત, અરે! ખાલી આપણી હાજરી કલેજાને ઠંડક આપે અને એ દુ:ખની ઘડી કાપવામાં મોટો ફાળો આપી જાય છે. લોકો બેસણામાં નથી આવતા..!અને આવ્યા વારા પણ ક્યાંક ને ક્યાંક કોઈ ગ્રુપ ની ચર્ચા કે આને આમ કીધું તેમ કીધું આને આમ ન કરવું જોઈએ એજ ચાલતું હોય. સોશિયલ મીડિયાના આવ્યા પછીનો સૌથી મોટો અને વરવો બદલાવ છે આપણા સમાજનો..! એકવાર પાછું વાળીને વિચારવાની જરૂર તો ખરી યુવાનોએ પણ, કે ખાલી RIP લખી નાખું એ બરાબર છે ? રૂબરૂ નહીં જવું જોઈએ ? પચાસ ઉપરના તો ગમે તેમ કરીને જઈ આવે છે, સામાજિક મર્યાદા એમણે નથી લાંઘી પણ એનાથી નાની ઉમરના છોકરાઓનું શું?

નવી જનરેશનને સ્મશાન દેખાડવાની જરૂર છે, સાથે લઈને જવું જોઈએ. ‘ભણતર’, ‘ક્લાસ’ કે ×હવે હું તો આવ્યો છું પછી એની ક્યા જરૂર છે..? આ બધા બહાના ખોટા છે૫ જે દિવસે મરણનો વ્યવહાર તૂટશે એ દિવસ પછી સમાજને તૂટતો કોઈ નહીં બચાવી શકે.. લગનમાં તો નાચનારા ભાડે લાવ્યા હવે નનામી ઊંચકવા પણ ભાડે માણસો લાવશો..?

★તમે પણ વિચારજો ૧૮ વર્ષથી મોટા દીકરા દીકરીને લઈને ક્યારે બેસણા કે સ્મશાને ગયા છો..?★

## ભાભર નજીક કેનાલમાં ડુબવાથી બે સગા ભાઈના મોત

પાલનપુર,

બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના રુની ગામ નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાં ડુબી જવાના કારણે બે સગા ભાઈઓના મોત થતા પરિવારમાં આક્રંદની લાગણી પ્રસરી જવા પામી છે. રુની ગામના રાવ બારોટ પરિવારમાં આજે લગ્ન પ્રસંગ હતો. તેથી આ પરિવાર રાજસ્થાનથી રુની ગામમાં લગ્ન પ્રસંગે આવ્યો હતો. તે દરમિયાન પરિવારના બે સંતાન રુની ગામ નજીકથી પસાર થતી નર્મદા કેનાલ પર ફરવા ગયા હતા. તે દરમિયાન એકનો પગલ લપસતા તે કેનાલમાં ડુબવા લાગ્યો હતો, જ્યારે બીજો ભાઈ તેને બચાવવા જતા ડુબ્યો હતો. બે સગા ભાઈઓ કેનાલમાં ડુબ્યા હોવાના અહેવાલથી ગામના તમામ લોકો કેનાલમાં દોડી આવ્યા હતા. તેમજ સ્થાનિક તરવૈયાની મદદથી બન્ને ભાઈઓને કેનાલમાંથી બહાર કઢાયા હતા, જેમાંથી એક ભાઈનુ ઘટના સ્થળે જ મોત થયુ હતુ.

## આ વ્યવસ્થા પર ફેરવિચારણા કરવાનો સમય આવી ગયો છે

# જનહિતની અરજીનો મોટા પાયે દુરુપયોગ : સુપ્રીમ કોર્ટ ચિંતાતુર

## જનહિતના નામ પર ચર્ચા-લોકપ્રિયતા મેળવવા અને રાજકીય લાભ ઉઠાવવા અરજીની વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે : સુપ્રીમ કોર્ટનુ તારણ

નવી દિલ્હી,

જનહિતની અરજીઓના દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે આ વ્યવસ્થા પર હવે ફેરવિચારણા કરવાની તાકીદની જરૂર છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે જનહિતના નામ પર લોકપ્રિયતા અને ચર્ચા મેળવી લેવા તેમજ રાજકીય લાભ ઉઠાવવા માટે આ વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૫માં છત્તિસગઢના રાયપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મંચ ધરાશાયી થઈ ગયા બાદ આ મામલે એનઆઈએ તેમજ સીબીઆઈ તપાસની માંગ કરતી અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે આ વાત કરી હતી. સુપ્રીમ કોર્ટ તરફથી જસ્ટીસ એકે સિકરી અને અશોક ભુષણની બનેલી બેંચે આઈ મુજબની વાત કરી હતી. આ અરજી પ્રદેશના નોંધણી થયેલા રાજકીય પક્ષ છત્તિસગઢી સમાજ પાર્ટી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આના પર સુપ્રીમ કોર્ટે ફટકાર લગાવીને એક લાખ રૂપિયાનો દંડ પણ લાદી દીધો હતો. આ પહેલા અરજી કરનારે હાઈકોર્ટમાં પણ અરજી દાખલ કરી હતી. જો કે ત્યાંથી અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ આ અરજીદારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. અરજી કરનારે પીએમઓ ઓફિસને પણ પાર્ટી બનાવી લેતા કાયદાકીય નિષ્ણાંતોમાં આની ચર્ચા રહી હતી. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે મોટા અને જંગી ખર્ચ સાથે મોદી માટે મંચ તૈયાર કરવામાં આવ્યા બાદ તે તુટી પડે તે આશ્ચર્યજનક બાબત છે. જંગી ખર્ચ સાથે તૈયાર કરાયેલા મંચની ગુણવત્તા ખુબ ખરાબ હતી. રાજ્ય સરકારના અધિકારીઓ તરફથી આમાં ભ્રષ્ટાચારી તરીકા અજમાવવામાં આવ્યા હતા. અરજીમાં કહેવામાં આવ્યુ હતુ કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષા સાથે સંબંધિત મામલો હતો. આ મામલે તપાસના આદેશ આપવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટમાં આ અરજી પહોંચી ગયા બાદ સર્વોચ્ચ અદાલતે કહ્યુ હતુ કે અરજી કરનારે રાજકીય લાભ લેવા માટે આ અરજી દાખલ કરી હતી. આની સાથે સાથે કોર્ટે એક લાખનો દંડ ફટકાર્યોહતો. અરજી કરનારના વકીલ તરફથી કેસની મેરિટ દરમિયાન ચર્ચા વેળા સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. અરજી કરનાર પર સમય ખરાબ કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ અરજી પર સુનાવણી કરતી વેળા દુરગામી વાત કરી હતી. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે હવે સમય આવી ગયો છે જયારે કોર્ટને પીઆઈએલના કોન્સેપ્ટ પર ફેરવિચારણા કરવી જોઈએ. કઈ રીતે કોઈ રાજકીય પાર્ટી ઘટનાના બે વર્ષ બાદ અરીજ દાખલ કરી શકે છે. રાજકીય લાભ લેવા માટે આ ખુબ ખુબ ખરાબ તરીકા તરીકે છે. આ પ્રકારની અરજીને લઈને સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. પીઆઈએલનો ઉપયોગ આ પ્રકારના કામ માટે કરવામાં ન આવે તે જરૂરી છે. આ ઉપરાંત એક અન્ય મામલામાં સુપ્રીમ કોર્ટ કોર્ટે ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીની અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. આ અરજીમાં સ્વામીએ કેન્દ્ર સરકારની તરફથી કંપનીઓને સિક્યોરિટી ક્લિયરન્સ આપવાની નિતી પર પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા હતા. કોર્ટે ખુલાસો કરતા કહ્યુ હતુ કે નિતીગત ફેંસલાની સમીક્ષા માટે દાખલ કરવામા આવેલી જનહિતની અરજી પર સુનાવણી કરી શકાય નહી.

## આજે ૫૦ હજાર બુથ પર મન કી બાત, ચાય કે સાથ કાર્યક્રમ

# નરેન્દ્ર મોદી મન કી બાતથી આજે ચૂંટણી પ્રચાર માટે રણશિંગુ ફુંકશે

## ઝંઝાવતી પ્રચાર શરૂ કરતા પહેલા મન કી બાત કાર્યક્રમ :૨૭ અને ૨૯મીએ અનેક સભાઓ : સ્ટાર પ્રચારકો આજથી ચૂંટણી પ્રચારમાં ગુજરાત ઘમરોળશે

મુંબઈ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને ઝંઝાવતી પ્રચાર કરવા માટે કમર કસી ચુક્યા છે. મોદી મન કી બાત મારફતે આજે ગુજરાતમાં ચૂંટણી પ્રચારનુ રણશિંગુ ફુંકશે. ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા સીટ પર ભાજપના દિગ્ગજ નેતા મેદાનમાં ઉતરશે. મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ અને કેન્દ્રિય પ્રધાન ચૂંટણી પ્રચારમાં ભાગ લેશે. મોદી ૨૭મી નવેમ્બર અને ૨૯મી નવેમ્બરના દિવસે અનેક સભા કરનાર છે. આવતીકાલે તા.૨૬મી નવેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાત ગુજરાતના તમામ ૫૦ હજાર બુથ પર ભાજપના કાર્યકરો અને આગેવાનો ચાયની ચુસ્કી સાથે સાંભળશે. ગુજરાત વિધાનસભા ચૂંટણી ટાણે આ સૌપ્રથમવાર થવા જઈ રહ્યું છે ભાજપના હુકમના એક્કા સમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૭ અને તા.૨૯ નવેમ્બર એમ બે દિવસ ભાજપના ચૂંટણી પ્રચાર અર્થે ગુજરાતની મુલાકાતે આવવાના છે. આ બે દિવસ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં વિવિધ સ્થળોએ આઠ જેટલી જાહેરસભાઓ સંબોધશે. જો કે, નરેન્દ્ર મોદીના પ્રચાર કાર્યક્રમમાં તારીખો એ જ રહી છે પરંતુ તેના સમયમાં છેલ્લી ઘડીયે સૂચક ફેરફાર કરવામાં આવ્યો છે. ભાજપના ચૂંટણી પ્રચાર અર્થે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૭ અને તા.૨૯ નવેમ્બર એમ બે દિવસ દરમ્યાન ગુજરાતની મુલાકાતે આવશે અને રાજયના વિવિધ સ્થળોએ આઠ જેટલી જાહેરસભા સંબોધશે. મોદી જે સ્થળોએ જાહેરસભા સંબોધવાના છે તે સ્થળે આસપાસના અન્ય વિધાનસભા ક્ષેત્રોને પણ આવરી લેવાશે. એટલે કે, ત્યાંથી પણ સ્થાનિક લોકો, ગ્રામજનો અને ભાજપના કાર્યકરો-આગેવાનો આ સભાઓમાં જોડાશે. દરમ્યા આવતીકાલે તા.૨૬મી સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાત રાજયના ૫૦ હજાર બુથ પર ભાજપના કાર્યકરો-આગેવાનો ચાયની ચુસ્કી સાથે સાંભળશે. ભાજપના ચૂંટણી પ્રચારના ભાગરૂપે રાજયના તમામ ૫૦ હજાર બુથ પર મોદીની મન કી બાત, ચાય કે સાથ કાર્યક્રમમાં ભાજપના નાના કાર્યકરથી માંડી દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ પણ જોડાશે. આવતીકાલે તા.૨૬મીની સાંજથી ભાજપના સ્ટાર પ્રચારકો રાજનાથસિંહ, અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ, ઉમા ભારતી, શિવરાજસિંહ ચૌહાણ, યોગી આદિત્યનાથ, વસુંધરારાજે, મુખ્યમંત્રી વિજય રૂપાણી, હેમામાલિની, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિતના નેતાઓ ગુજરાતભરના વિવિધ જિલ્લા-તાલુકાઓ ઘમરોળશે અને ગુજરાતની પ્રજાને જાહેરસભા સંબોધી ભાજપનો પ્રચાર-પ્રસાર શરૂ કરી દેશે.ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઈને ભાજપ દ્વારા આવતીકાલે તા.૨૬મી નવેમ્બર અને તા.૨૭ નવેમ્બર દરમ્યાન ગુજરાતભરતમાં જબરદસ્ત ચૂંટણી પ્રચાર અભિયાન હાથ ધરાશે. ભાજપના સ્ટાર પ્રચારકો યોગી આદિત્યનાથ, ડો.રમણસિંહ, દેવેન્દ્ર ફડણવીસ, પિયુષ ગોયેલ, મનોજ તિવારી સહિતના મહાનુભાવો ગુજરાતના વિવિધ સ્થળોએ જાહેરસભાઓ યોજશે અને પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો પર બે દિવસમાં કાર્પેટ બોમ્બીંગ કરી ચૂંટણી પ્રચારનો વેગવંતો પ્રારંભ કરશે.આ અંગે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી ડો. અનિલ જૈને જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સુરત શહેરમાં લીંબાયત અને ચોર્યાસી વિધાનસભામાં જાહેરસભા સંબોધશે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વ્યારા અને નીઝર વિધાનસભા ખાતે તો, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ રાજકોટ ખાતે જાહેરસભાને સંબોધશે. મનોજ તિવારી તા.૨૬મી નવેમ્બરે વલસાડ અને તા.૨૭મીએ ભાવનગર ખાતે જાહેરસભા સંબોધશે. જુએલ ઓરામ તા.૨૬મી નવેમ્બરે ડેડિયાપાડા, નાંદોદ અને તા.૨૭મીએ ડાંગ ખાતે પ્રચારસભા કરશે. રેલ્વેમંત્રી પિયુષ ગોયેલ તા.૨૬મી નવેમ્બરે પોરબંદર, તા.૨૭મીએ રાજકોટ અને કેન્દ્રીય ઉર્જાપ્રધાન ધર્મેન્દ્રપ્રધાન તા.૨૬મી નવેમ્બરે ઓલપાડ અને સુરત પૂર્વમાં, અર્જુન મુંડા તા.૨૭મી નવેમ્બરે ધરમપુર, કપરાડા, ઉમરગામ, એ સિવાય પરેશ રાવલ તા.૨૬મી નવેમ્બરે રાજકોટ અને તા.૨૭મી નવેમ્બરે જંબુસર વિધાનસભા ક્ષેત્રમાં જાહેરસભાને સંબોધન કરશે.તેમણે વધુમાં જણાવ્યું કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ તા.૨૭મીએ વ્યારા, નીઝર, કેન્દ્રીય ગૃહપ્રધાન નિર્મલા સીતારામન જામનગર ખાતે તા.૨૭મીએ ત્રણ જાહેરસભા સંબોધશે. તા.૨૭મી નવેમ્બરે જ જે.પી.નડ્ડા પણ ખંભાળિયા, દ્વારકા ખાતે જાહેરસભા યોજશે. શ્રીમતી રૂપા ગાંગુલી તા.૨૬મીએ ગઢડા, તળાજા, શિહોર અને તા.૨૭મી નવેમ્બરે જામજોધપુર ખાતે તો, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી સ્મૃતિ ઈરાની તા.૨૬મીએ જેતપુર, કેન્દ્રીય કૃષિમંત્રી પરસોત્તમ રૂપાલા તા.૨૬મીએ લીંબડી, વઢવાણ, રાજકોટ દક્ષિણ, ઉમાભારતીજી તા.૨૬મી નવેમ્બરે અંકલેશ્વર વિધાનસભામાં, રાધામોહનસીંગ તા.૨૭મીએ બોટાદ, મહુવા, ગારિયાધાર તો, હુકમનારાયણ યાદવ તા.૨૭મી નવેમ્બરે દસાડા, ધ્રાંગધ્રા ખાતે, હંસરાજ આહીર તા.૨૭મીએ માણાવદર, માંગરોળ અને કેશોદ ખાતે જાહેરસભાને સંબોધન કરશે.

ભાજપના આ તમામ સ્ટાર પ્રચારકો ગુજરાતની પ્રથમ તબક્કાની ૮૯ વિધાનસભા બેઠકો પર તા.૨૬ અને તા.૨૭ નવેમ્બર એમ બે દિવસ દરમ્યાન કાર્પેટ બોમ્બીંગ પ્રચાર હાથ ધરશે.

## દરિયાઈ સુરક્ષાને વધારે મજબુત કરવા તૈયારી

# શકમંદ જહાજોને સેટેલાઈટથી પકડવા માટે ઈસરો મદદ કરશે

નવી દિલ્હી,

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થા (ઈસરો) હવે સેટેલાઈટ મારફતે ફોટાઓ મોકલીને દરિયા કાંઠાની સુરક્ષામાં વ્યસ્ત સંસ્થાઓને શંકાસ્પદ જહાજો અને બોટ પકડી પાડવામાં મદદ કરશે. આ નવી પહેલ હેઠળ ઈસરો બોટની સેટેલાઈટ મારફતે બાજ નજર રાખશે. બોટ પર નજર રાખવા માટે આગામી વર્ષે માર્ચ મહિના સુધી ૧૦૦૦ ટ્રાન્સપોન્ડર સપ્લાય કરશે. આનો ઉદ્દેશ્ય દરિયાઈ માર્ગે ભારતમાં ઘુસણખોરીને રોકવા માટેનો પણછે. વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો ત્યારે હુમલાખોરો દરિયાઈ માર્ગ મારફતે બોટમાં આવ્યા હતા. ગૃહ મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ મારફતે ૨૦ મીટરથી મોટી બોટ પર નજર રાખી શકાશે. જયારે ૨૦ મીટરથી નાની બોટ પર સેટેલાઈટ મોનિટરિંગ માટેની દરખાસ્ત છે. હકીકતમાં ભારતીય દરિયાઈ સરહદની તરફ વધનાર શંકાસ્પદ જહાજો પર નજર રાખવાની બાબત અસરકારક કરવાની જરૂર છે. શકાસ્પદ જહાજો પર નજર રાખવા માટે ઈન્ફ્રાસ્ટકચર નિર્માણનુ કામ ઝડપથી ચાલી રહ્યુ છે. તેના હેઠળ ૪૬ કોસ્ટલ રડાર અને ૭૪ ઓટોમેટિક આઈડી સિસ્ટમ તૈનાત કરવામાં આવનાર છે. દરિયામાં ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડ્રી લાઈન પર સરળથાથી નજર રાખવા માટે દરિયા કાઠાના રાજય અને કેન્દ્રશાશિત પ્રદેશ બોટનો કલર કરવાની કામગીરીમાં છે. તેમાં કલર કોડિંગની વાત ચાલી રહી છે. મોટા ભાગના માછીમારોને બાયોમેટ્રિક કાર્ડ આપવામાં આવી રહ્યા છે.

કુલ ૧૯.૯ લાખ માછીમારો પૈકી ૧૯.૭ લાખની નોંધણી કરવામાં આવી ચુકી છે. જે પૈકી ૧૮.૬ લાખને કાર્ડ આપવામાં આવી ચુકયા છે. ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરળ, તમિળનાડુ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ જેવા રાજયોની સાથે દમણ, દીવ, લક્ષદ્વિપ, પોડિચેરી અને અંદામાન નિકોબાર જેવા કેન્દ્ર શાશિત પ્રદેશમાંથી ભારતની ૭૫૧૬ કિલોમીટરની સરહદ નિકળે છે. મુંબઈ હુમલા બાદ સુરક્ષા પર સતત ધ્યાન આપવામાં આવી રહ્યુ છે.

જન ફરિયાદ
તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ
ગાંધીનગર મુખ્ય કાર્યાલય
બ્લોક - ૬૭૭/૨, ‘ઘ’ ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073
ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.
એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ
અમદાવાદ મુખ્ય કાર્યાલય
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦
સહતંત્રી : નિલેશભાઈ રાવલ
૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪
તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

‘જન ફરિયાદ’માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી